અપીલ અરજી નં.૩૪ તા.૨૦–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અશરફ અબુબકર અન્સારી
સામાવાળાઃ–એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી અશરફ અબુબકર અન્સારીની તા.૧૮–૩–૧૧ની અરજીથી પ્લોટ નં.સી/૨૪, બી/૪૫,થી બી/૫૧, બી/૬૦ , એ,બી/૬૦, બી/૬૧, બી/૬૩,૬૪, બી/૬૮, બી/૨૧–૨૨, બી/૭૪–૭૫ (૧) ઉન વિસ્તાર સુરત મહાનગરપાલિકામાની હદમા કયારે સામેલ થયો? (૨) ઉપરોકત તમામ પ્લોટ ઉપર આજ તા.૧૬–૩–૧૧ સુધીના કયારે આકારણી કરવામાં આવેલ તેની વિગતો આપવી (૩) આ પ્લોટો ઉપર બાંધકામ કયારે કરવામાં આવેલ તેની માહિતી વિ.મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૪–૧૧ ની **SMC/FAP/** નં.૩૪/૨૦૧૧–૧૨

શ્રી અશરફ અબુબકર અન્સારીની તા.૧૮–૩–૧૧ની અરજીથી પ્લોટ નં.સી/૨૪, બી/૪૫,થી બી/૫૧, બી/૬૦ , એ,બી/૬૦, બી/૬૧, બી'૬૩,૬૪, બી/૬૮,બી/૨૧–૨૨, બી/૭૪–૭૫ (૧) ઉન વિસ્તાર સુરત મહાનગર પાલિકામાની હદમાં કયારે સામેલ થયો? (૨) ઉપરોકત તમામ પ્લોટ ઉપર આજ તા.૧૬–૩–૧૧ સુધીના કયારે આકારણી કરવામાં આવેલ તેની વિગતો આપવી (૩) આ પ્લોટો ઉપર બાંધકામ કયારે કરવામાં આવેલ તેની માહિતી વિ.મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતિ આપવા બાબતે નિયત સમયઅવધિમાં કોઈ નિર્ણય મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન–૦૫માં નીચે સહી કરનારને પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા વધુમાં અરજદારની અપીલ સાથેની સર્વેયર ધ્વારા અરજદારના ઘરની મુલાકાત અને કથિત ધમકીની રજૂઆત અંગે પણ હકીકત લક્ષી વિગતો મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૨ તા.૨૯–૪–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર ન.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૨૧૬ તા.૧૭–૫–૧૧ થી તથા સા.ઝોન/ટેક./૯૩ તા.૧૩–૫–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૯૨ તા.૨૫–૪–૧૧ ના પત્રની નકલ , પત્ર નં.સા.ઝોન/ટેક./૪૬ તા.૧૯–૪–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૮–૩–૧૧ ની અરજીથી ઉન વિસ્તાર માં મોજે ગામ ઉન સીટી સર્વે નં.૭૯૩/૨/૨ નીલમ રો હાઉસ કે જે સદગુરૂ કો.ઓ.હા.સો.લી. ના નામે સરકારી દફતરે નોંધાયેલ છે. જેમાં પ્લોટ નં.સી/૨૪, બી/૨૪૫ થી બી/૫૧, બી/૬૦ એબી, બી/૬૦ બીબી, ૬૧/બી, ૬૩,૬૪બી, ૬૮/બી અને ૨૧,૨૨ બી અને ૭૪,૭૫ બાંધકામ અને આકારણી બાબતેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને કરવામાં આવેલ. જે બાબતે અરજદારે તા.૨૦–૪–૧૧ ના રોજ કોઈ પણ માહિતી કે નિર્ણય મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૯૨ તા.૨૫–૪–૧૧ થી તથા પત્ર નં.સા.ઝોન/ટેક./૪૬ તા.૧૯–૪–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજીના મુદ્દા નં.(૧) ઉન વિસ્તાર સુરત મહાનગર પાલિકામાની હદમાં કયારે સામેલ થયો? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉન વિસ્તાર ફેબ્રુ.૨૦૦૬ માં સુરત મહાનગરપાલિકાની હાલમાં સામેલ થયેલ છે. (૨) ઉપરોકત તમામ પ્લોટ ઉપર આજ તા.૧૬–૩–૧૧ સુધીના કયારે આકારણી કરવામાં આવેલ તેની વિગતો આપવી તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧–૪–૦૬ થી આકારણી કરવામાં આવી છે તેવું જણાવેલ છે. (૩) આ પ્લોટો ઉપર બાંધકામ કયારે કરવામાં આવેલ તેની માહિતી . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મુદ્દા અન્વયે માંગેલ માહિતી ઉધનાઝોન ખાતેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોઈ આપી શકાય એમ નથી. તેવું જણાવેલ છે. (૪) તમામ પ્લોટ ધારકોના છેલ્લા વેરા બીલની નકલો આપવા મહેરબાની કરશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી છેલ્લા વેરાબીલો મિલ્કતધારકોને કુરીયર ધ્વારા પહોંચાડવામાં આવેલ છે.જેની એકજ કોપી કાઢવામાં આવતી હોવાથી તેની ડુપ્લીકેટ કોપી આપી શકા તેમ નથી તેવું જણાવેલ છે. (૫) (મોજે ગામ ઉન (સુરત) માં આવેલ સ. કો.ઓ. હા..સો.લી. માં નિલમ રો હાઉસના નામે પાડવામાં આવેલ યુનીટ નં.એબીસી ના કન્સ્ટ્રકશન પ્લાન, સુડાના હુકમ

નં.વીપએ યુ/૪/૫૩૯૧/૪૭૬૦ તા.૧૬–૩–૦૩ માં જે રજાચિઠ્ઠીનો ઉલ્લેખ છે તે મુજબ બાંધકામ શરૂ કરતાં પહેલા પરવાનગી લેવી અને બાંધકામની તબકકાવાર ચકાસણી કરાવવી જરૂરી છે કે કેમ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મુદ્દા નં. અંતર્ગત દર્શાવેલ રજાચિઠ્ઠીમાં ઉલ્લેખ કર્યા મુજબ બાંધકામ દરમ્યાન તબકકાવાર ચકાસણી કરવી જરૂર છે. વધુમાં જે તે મિલ્કતની રજાચિઠ્ઠી મળી ગયા બાદ રજાચિઠ્ઠીમાં દર્શાવ્યા પ્રમાણેની સમય મર્યાદામાં બાંધકામ શરૂ કરી તો ફરી પરવાનગી લેવાની રહેતી નથી. તેવું જણાવેલ છે. (૬) અને જો પરવાનગી વગર બાંધકામ શરૂ કરી દીધેલ હોય અને તબકકાવાર પ્રગતિની ચકાસણી ન કરાવવામાં આવે તો મનપા સુરત તરફથી તે પ્લોટ માલિક વિરુધ્ધ શું કાર્યવાહી થઈ શકે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રજાચિઠ્ઠી મળ્યા બાદ તબકકા વાર ચકાસણી અરજદાર કે આર્કીટેકટ મારફત નિયત ફીર્મમાં અરજી કરીને કરવામાં આવતી હોય છે. પરંતુ કોઈ કેસમાં તબકકાવાર નહીં કરવામાં આવેલ અને મંજુર પ્લાન વિરુધ્ધ બાંધકામ થાય તો ઉધનાઝોનના ખાતાની જાણમાં આવ્યા બાદ અથવા ફરીયાદ મળ્યા બાદ જે તે મિલ્કતદાર સામે બીપીએમસી એકટની જોગવાઈ મુજબ મંજુર પ્લાન વિરુધ્ધ બાંધકામ સબબ કાર્યવાહી કરી શકાય. તેવું જણાવેલ છે. (૭) ઉપરોકત સુડાના હુકમ (કન્સ્ટ્રકશન પ્લાન) ની વેલીડીટી કયા વર્ષ સુધીની છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મુદ્દા અન્વયે મંજુર પ્લાન/રજાચિઠ્ઠીની મુદત એક વર્ષની હોય છે પરંતુ ત્યાર બાદ ત્રણ વખત એક વર્ષ માટે રજાચિઠ્ઠીની મુદત નિયત ફી ભરપાઈ કરીને લંબાવી શકાય છે તેવું જણાવેલ છે. (૮) તેમજ જો વેલીડીટી પુરી થઈ ગયેલ હોય તો પ્લોટ માલીકે બીજો પ્લાન મુકવો જરૂરી છે કે નહીં? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રજાચિઠ્ઠી/મંજુર પ્લાનની વેલીડીટી પૂર્ણ થયા બાદ ફી ભરી ત્રણ વર્ષ માટે મુદત લંબાવી શકાય છે.પરંતુ નવો પ્લાન મુકવો જરૂરી નથી. તેવું જણાવેલ છે. (૯) આ વિસ્તારમાં મનપા સુરતની હદમાં સામેલ થયા પછી બાંધકામ ચાલુ કરવા માટે કોપની પરવાનગી લેવી જરૂરી સુડા ની યા મનપા સુરતની? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુમપાની હદમાં સામેલ થયા બાદ બાંધકામની પરવાનગી સુમપા પાસે લેવાની રહે છે. તેવું જણાવેલ છે. (૧૦) ઉપરોકત મંજુર પ્લાનની (વેલીડીટી) સમય મર્યાદા પૂરી થયા પહેલા કે પછી જો પ્લાન તેમજ એલીવેશન માં ફેરફાર કરવો હોય તો પ્લોટ માલિકે શું કાર્યવાહી કરવી જરૂરી છે તેમજ કો.ઓ. સોસા. હોવાથી સોસા.ની એનઓસી ની જરૂર છે કે નહી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જો પ્લાન /એલીવેશન માં ફેરફાર કરવો હોય તો રીવાઈઝડ પ્લાન મુકી મંજુરી મેળવવાની રહે છે તેમાં તે માટે સોસા.નું એનઓસી લેવું જરૂરી છે. તેવું જણાવેલ છે. (૧૧) પ્લોટ નં. સી/૬ ની સોસા. તરફથી થયેલ કમ્પ્લેનની કોપી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્લોટ નં.સી/૬ ની સોસા. તરફથી થયેલ કમ્પ્લેઈનની નકલ આ સાથે સામેલ છે. તેવું જણાવેલ છે. આમ અરજદારને માંગવામાં અવેલ મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ જણાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે..

અરજદારની તા.૧૮–૩–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવ છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૧

પ્રતિ,
(૧) એડી. ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી અશરફ અબુબકર અન્સારી,